બાળસુબોધ.

સુધારા વધારા સાથે

આવૃત્તિ બીજી.

દોહરો.

શિક્ષણ રક્ષણ કાળમાં, ખ્યાલ નજી કરિ શોધ;
વિનય વિશાળ રસાળમતિ, આપે "બાળસુબોધ."

પ્રકાશક

રામદાસ મોદીની કંપની.

પુસ્તક પ્રસારક મંડળી, મુંબાઈ.

મુંબાઈ:

પારસી પ્રિંટિંગ પ્રેસ.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૪

કીમત ૮ આના.

(ટપાલ હ૦ સ્વાધીન.)

બાળસુબોધમાં આવેલા વિષયોની.

અનુક્રમણિકા.

———:o:———

૫૮૦૫

ધર્મબોધ.

૧. ઈશ્વરસિદ્ધિ.*

ભુજંગી છંદ.

અનાયાસથી વિશ્વ આ જે કરેછે,
સ્વઇચ્છા પ્રમાણે સહુને ભરેછે;
હરી સર્વ એક ક્ષણે સંહરેછે,
સદા તે પદે ચિત્ત મારૂં ફરેછે. ૧

જે આ જગતને વિના શ્રમે સરજે છે, પોતાની ઇચ્છા પ્રમાણે સર્વનું ભરણપોષણ કરેછે, તથા સર્વનો એક ક્ષણમાં સંહાર (નાશ) પણ કરેછે, તે જગકર્ત્તા હરિના ચરણમાં મારૂં ચિત્ત નિત્ય ફર્યા કરેછે.

આ આરંભનું મંગળાચરણ સાંભળતાંજ નાસ્તિક માણસના મનમાં તરત એવો સવાલ ઊઠશે કે જે ઈશ્વરની આ સ્તુતિ કરેછે અને વળી કહે છે કે તેના પદમાં મારૂં મન ફરેછે, તે ઈશ્વરજ ક્યાં છે? આખા જગત્માં જોતાં કોઇ ઠેકાણે પણ આપણે તેને દીઠો નથી. ત્યારે એ છે કે હશે તેની શી સાબીતી? જો નજ હોય

---

* "આર્ય સુધર્મોદય સભા" તરફથી થએલા બાળકોના મેળાવડામાં વેદાંત ભટ્ટાચાર્ય ભારત માર્તંડ પંડિત શ્રીગટ્ટુલાલજી એ કરેલું ભાષણ.

તો આની મિથ્યા સ્તુતિ કરવાથી શો લાભ? પરંતુ સ્તુતિ ખોટી છે એમ તો કહી શકાતું નથી, કેમકે જો તે ન હોય તો કાંઈપણ ચીજ જોયા જાણ્યા વગર તેમાં મનુષ્યનું મન શી રીતે ફરી શકે? ત્યારે જો આ સ્તુતિ સાચી હોય તો તેના ચરણમાં મારૂં મન ફરેછે, એમ કહેનારેજ ઈશ્વર છે, એ વાત પ્રથમથી સિદ્ધ કરી આપવી જોઇએ.

આ સવાલનો જવાબ ઘણોજ સહેલો છે. તે એટલે સુધી કે એ સવાલ કરનાર પોતેજ જો પોતાના મન સાથે એ વાતનો લગારભી વિચાર કરશે તો તેને પોતાને પણ એ પ્રશ્ન નબળો લાગ્યા વિના નહિ રહે. કેમકે ઈશ્વર છે, અને તેનું હોવાપણું અનેક પ્રકારે સાબીત થાયછે, તે સર્વ પ્રકારો થોડા અવકાશમાં સમજાવી શકાય તેમ નથી, માટે તેમાંનો એકજ પ્રકાર થોડા કાળમાં હાલતો કહી લઇએ.

એવી ઘણી ચીજો છે કે જે આપણી સાધારણ નજરથી બીલકુલ જોઇ શકાતી નથી. પણ તેથી શું તે ચીજોજ નથી એમ કહેવાય? આ પૃથ્વી ઉપરજ યુરોપ, આફ્રિકા, અમેરિકા, એશીઆ, જેવા મોટા મોટા ખંડો છે, કે જે ઘણા જણોએ જોયાછે, અને ત્યાં જનારા ઘણા જણો તેને જુએછે, તથા જોયલા દેશનું વર્ણન

કરેછે, તે વાંચીને આપણે તેને જાણી શકીએ છીએ. પરંતુ ત્યાં ગયા વિના તેને જોઇ શકતા નથી; તેથી શું તે છેજ નહિ એમ કહેવાય? અરે! એટલે બધે દૂર જવાનું પણ શું કામ? આપણી પાસેજ જુઓની. વાયુ આપણી ચારે બાજુએ ફેલાઇ રહ્યોછે, અને વારંવાર આપણાં શરીરને લાગેછે. તથા આપણી નજર આગળ પડેલા પદાર્થોને ગમે તેમ ઉરાડેછે, તેને પણ આપણે ક્યાં જોઇ શકીએ છીએ? તે આંખે દેખાતો નથી માટે તે નથી એમ આપણાથી કહી શકાશે? નહિજ. માટે ન દેખાવા માત્રથી ઈશ્વર નથી એમ બોલવું એ કેવળ જડ બુદ્ધિનું પરિણામ જણાયછે.

કદાચિત્ તે કહે કે પવન દેખાતો નથી તેમાં શું થયું? તેથી થતાં કામો તો આપણને દેખાય છે ને? જો એમ વિચારે તો પછી ઈશ્વરનાં કરેલાં કામો ક્યાં દેખાતાં નથી? આ આખું જગતજ તેણે બનાવેલું છે.

કોઈપણ કાર્ય કારણવિના બનતું નથી. તો આ જગત્ રૂપી કાર્યનું કારણ શું છે તે જાણવું જોઇએ. તે સમજવા માટે પ્રથમ આપણે કાર્ય અને કારણનું ટૂંકું સ્વરૂપ જાણવું જરૂરનું છે. તે આ છે કેઃ—

કાર્ય અને કારણ.

ગીતિ.

જેથી કાર્ય બને તે, કારણ છે જેમ મૃત્તિકા ઘટનું;
ઉપજે તે કાર્ય ગણો, અંગરખું જેમ થાયછે પટનું.

જે પદાર્થ પહેલેથીજ હોય અને તે કોઇ પણ વસ્તુ ઉત્પન્ન થવામાં જરૂર ઉપયોગી હોય તે પદાર્થ ઉત્પન્ન થનાર વસ્તુનું કારણ જાણવું અને તે કારણથી જે ઉત્પન્ન થાય તેને કાર્ય જાણવું. જેમ માટી એ ઘટ એટલે ઘડા વગેરેનું કારણ છે અને તેથી થતા ઘડા કોડીયાં વગેરે તેનાં કાર્ય છે- માટી એ ઘડા વગેરે પદાર્થના પૂર્વનીજ છે અને ઘડા વગેરે બનાવવામાં તે અવશ્ય ઉપયોગી છે, કેમકે માટીવિના માટીના ઘડા વગેરે બની શકેજ નહિ. જે વસ્તુ બને તેને કાર્ય જાણવું, જેમ પટ એટલે વસ્ત્રનું અંગરખું એ કાર્ય છે. જેમ માટીવિના ઘડા ન બને તેમ પટવિના અંગરખું વગેરે પણ ન બને. માટે પટ એ અંગરખાનું કારણ છે. તેમજ સોનું એ કારણ અને તેમાંથી થતાં કડાં કંઠી વગેરે કાર્ય કહેવાય. આ રીતેજ સર્વ પદાર્થમાં કાર્ય કારણનો સંબંધ સમજવો. કારણ બે પ્રકારનાં હોય છે. ૧ ઉપાદાન અને ૨ નિમિત્ત.

ગીતિ.

જે કાર્યરૂપ પોતે, થાય ઉપાદાન તે યથા માટી;
અલગ નિમિત્ત રહેછે, સુતાર ઓજાર જે ઘડે પાટી.

જે પદાર્થ પોતેજ કાર્યરૂપ થાય છે તે ઉપાદાન, જેમ માટી; અને જે પોતે અલગ રહીને કાર્યને ઉપજાવે તે તેનું નિમિત્ત કારણ કહેવાય. જેમ પાટી એ કાર્યનાં સૂતાર ઓજાર એ નિમિત્ત કારણ છે, કેમકે તે કંઇ પોતે કાર્યરૂપ થતાં નથી. માત્ર લાકડું કાર્યરૂપ થાયછે. માટે પાટીનું ઉપાદાન કારણ લાકડું અને સૂતાર ઓજાર વગેરે અલગ રહીને પાટી તૈયાર કરનાર નિમિત્ત કારણ છે. તેમજ કુંભાર, ચાકડા વગેરે માટીથી જુદા રહી ઘડાને ઉત્પન્ન કરેછે તે સર્વ ઘડાનાં નિમિત્ત જાણવાં. નિમિત્ત કારણના પણ બે ભેદ છે. (૧) સ્વતંત્ર નિમિત્ત અને (૨) પરતંત્ર નિમિત્ત. સૂતાર સ્વતંત્ર નિમિત્ત છે, કેમકે તે પોતાની મરજીથીજ પાટી વગેરે બનાવેછે. પરંતુ વાંસલો, ફરસી, રંદો વગેરે ઓજારો પરતંત્ર નિમિત્ત છે, કેમકે તે સૂતાર વિના એકલાં પાટી પેદા કરી શકતાં નથી. ઉપાદાન કારણને કેટલાક સમવાઈ (નિરંતર કાર્યમાં ફેલાઇ રહેતાં) કારણ પણ કહેછે.

આ પ્રમાણે વિચાર કરી જોતાં કોઈબી ચીજ કારણવિના બનતી દેખાતી નથી. ત્યારે

આ આવડું મોટું જગત્ કોઇપણ બનાવનાર કારણવિના કેમ બની શકે?

ઉપજાતિ.

બધાં ઉગે બીજ થકીજ વૃક્ષ,
ઘરો બને કારુ થકી સમક્ષ;
જાણો ખરૂં કારણ ઈશ ભાવે,
કો તે વિના વિશ્વ બધું બનાવે?

આ જગત્ જોતાંજ એ નક્કી થાયછે કે, કોઇ પણ આ જગત્‌ને બનાવનાર કર્ત્તા હોવોજ જોઇએ. આ જગત્‌નો જે કર્ત્તા તેનુંજ નામ ઈશ્વર કહેવાયછે. લાકડાંઓમાં નકસી વગેરે કામોની સારી કારીગરી બતાવનારી બારી બારણાં વગેરેવાળું ચિત્તમાં ચમત્કાર ચોંટાડનાર, વિચિત્ર આકાર ધરનાર થાંભલાના આધારપર ભાર દઈ રહેલું, કોઈબી સુંદર મંદિર અંદર બહારથી ફરીને જોતાં સાધારણ માણસ પણ સહજમાં સમજી શકે કે કોઇપણ ચતુર કારીગરે આ ઘર બનાવેલું છે, કોઈબી બુદ્ધિમાન એમ નહિ કહે કે આ ઘર કારીગરની ગરજ નજ ધરતાં આપોઆપ આકાશમાંથી આવી પડેલું છે, અને એમ પણ નહિ કહે કે આ ઘર અનાદિ કાળથી આવુંજ છે. એમ પણ ન કહેવાય કે આ ઘર પોતાની મેળે સ્વભાવથીજ બનેલું છે. જો-કોઈ એ ઘરવિષે ઉપર લખેલી ત્રણ વાતમાંની

એકાદ પણ પકડી વૃથા માથાકૂટ કરે તો તેને વિદ્વાનૂ લોકો નાદાન પદવીના સન્માનનું દાન કર્યા વિના નહિ રહે.

વાંચનારાઓ વિચાર કરેકે, જ્યારે આટલું એક ઘરપણ કારીગરની ગરજ ધરાવેછે, ત્યારે અતિ આશ્ચર્યકારી અનેક પર્વતો, વનસ્પતિયો, નદીઓ, સાગર વગેરે વૈભવવાળું આ વિશ્વ કોઇની કર્તાવિના કેમ બની શકે ? ઘર જોતાં ચતુર કારીગરની માફક, અત્યંત આશ્ચર્યકારી જગત્ જોતાં તેનો કર્તા સર્વજ્ઞ, સર્વ શક્તિ ઈશ્વર નક્કી જણાયછે. કોઇ પૂછે કે સર્વજ્ઞ અને સર્વ શક્તિ છે એમ કેમ જણાય ? તેનો ઉત્તરતો એજ છે કે, જે સર્વ કર્તા હોય તે સર્વજ્ઞ અને સર્વ શક્તિ હોવોજ જોઈએ કેમકે:—

ભુજંગી

ઉપાદાનને સાધનો સર્વે જાણે,
બનાવાતણી તેમ ઇચ્છાજ આણે;
પ્રયત્નો કરી જે શકે તે પ્રમાણે,
સહુ શાસ્ત્ર તેનેજ કર્તા વખાણે.

ઉપાદાન એટલે અમુક બનાવવાની ચીજ અમુક પદાર્થમાંથી અમુક રીતે બની શકેછે, એનું યથાર્થ જ્ઞાન, તે બનાવવાની ઇચ્છા, તથા ઇચ્છા પ્રમાણે પ્રયત્ન, એ જે ધરાવતો હોય તેનેજ સર્વ શાસ્ત્ર કર્તા કહેછે.

બનાવવાના પદાર્થ વિષે જે સર્વ રીતનું જ્ઞાન અને શક્તિ ધરાવતો હોય તેજ તે પદાર્થનો કર્ત્તા થઇ શકે- જેમ સોનાનાં ઘરેણાનો કર્ત્તા જે પુરુષ હોયછે, તે પુરુષ તે ઘરેણાં કયી ચીજમાંથી કયાં સાધનોની સહાયતાથી કેવી રીતે બનેછે એ સર્વ જ્ઞાન ધરાવેછે, તથા તે બનાવવાની શક્તિ પણ ધરાવેછે. જો શક્તિ હોય, પણ ઉપર લખ્યા પ્રમાણે જ્ઞાન ન હોય તો તે ચીજ બનાવી શકાય નહિ. તેમજ ફક્ત જ્ઞાન હોય પણ બનાવવાની શક્તિ શરીરમાં ન હોય તોપણ તે ચીજ બનાવી શકાય નહિ. માટે સર્વ જગતના નિર્માતા ઇશ્વર, સર્વજ્ઞ એટલે સર્વ પદાર્થ સંબંધી જ્ઞાનવાન્ અને સર્વ શક્તિ એટલે સર્વ જાતના સામર્થ્યવાળા હોવા જોઇએ.

કોઇ કહે કે, ઘડાનું ઉપાદાન કારણ માટી, સ્વતંત્ર નિમિત્ત કારણ કુંભાર, અને પરતંત્ર નિમિત્ત કારણ લાકડી, ચાકડો વગેરે છે, તેમ આ જગતનાં ઉપાદાન વગેરે કારણો કયાં છે? તો તેનો ઉત્તર એ કે આ જગતનું ઉપાદાન કારણ, સ્વતંત્ર નિમિત્ત કારણ તથા પરતંત્ર નિમિત્ત કારણ સર્વ ઈશ્વરજ છે. જેમ કરોળીઓ પોતાના મુખમાંથી લાળનું જાળ બનાવેછે, તેનું ઉપાદાન તેમજ બંને પ્રકારનું નિમિત્ત કારણ પોતેજ હોયછે, તેમ ઈશ્વર પોતાની મેળે પોતાના સ્વરૂ-

પમાંથીજ આ સર્વ જગત્ પેદા કરેછે. તેથી જગત્નું સર્વ પ્રકારનું કારણ કેવળ એક ઈશ્વરજ છે. એવા સર્વજ્ઞ અને સર્વ સમર્થ પરમેશ્વર આ જગત્‌ને રચ્યા પછી હાથ જોડીને બેસી રહ્યા હશે કે શું ? એવી આશંકા કોઈને ઉઠે તો તેનો ઉત્તર એજ છે કે તેઓ આ આપણે જોઇએ છીએ તેટલું એકજ બ્રહ્માંડ રચીને બેસી રહેતા નથી, પરંતુ એવાં અનેક બ્રહ્માંડો નિરંતર ક્ષણે ક્ષણે નિર્માણ કરેછે, અને તેજ પ્રમાણે પાછો તેનો નાશ પણ ક્ષણ ક્ષણમાં કરતા રહેછે. એ રીતે પ્રત્યેક પળમાં કોઇ બ્રહ્માંડનું નિર્માણ અને કોઇનો પ્રલય પ્રવૃત્ત હોયજ છે. અને તે સઘળું ઈશ્વર વિનાપ્રયાસે સ્વાભાવિક કર્યા કરેછે.

ભુજંગી.

બનાવે બધું વિશ્વ કારીગરીથી,
ક્ષણે સંહરે ને કરે તે ફરીથી ;
જનો ને ધનો જ્ઞાનને કીર્તિ આપો,
તમારા સહુ ક્લેશ સર્વેશ કાપો.

જે આ બંધુ વિશ્વ વિચિત્ર કારીગરીથી ક્ષણમાં બનાવેછે, ક્ષણમાં સંહારે છે, અને વળી ક્ષણમાં તે ફરીથી કરેછે, એવા અદ્ભુત અને અકલ્પિત સામર્થ્યવાળા સર્વેશ્વર જનોને ધનો, જ્ઞાન ને કીર્તિ આપો, તથા તમારા સંપૂર્ણ ક્લેશને કાપી નાંખો.

ઉપજાતિ.

સર્વજ્ઞ સર્વેશ્વર સર્વ શક્તિ,
જેની કરે દેવસમસ્ત ભક્તિ;
જે સચ્ચિદાનંદ અનંત આદી,
અખંડ જાણે જન તત્વવાદી.

એ સર્વેશ્વર સર્વજ્ઞ અને સર્વ શક્તિ છે જેની સઘળા દેવો ભક્તિ કરેછે. વળી જે સચ્ચિદાનંદ એટલે સર્વત્ર સત્તાવાન્ પ્રકાશવાન્ અને આનંદરૂપ છે. વળી એ આદિ અને અંત વગરનું અખંડ છે. આવું એનું સ્વરૂપ તત્વજ્ઞાની જનો જાણે છે. શાથી જાણે છે? વેદ અને શાસ્ત્રથી. વેદશાસ્ત્ર એજ સર્વેશ્વરનું સ્વરૂપ સમજવાનાં સારાં સાધન છે. કેમકે વેદ એ ઈશ્વરનીજ વાણી છે. તેથી સર્વેશ્વરને સમજી તેનું નિરંતર ભજન કરવું એજ મનુષ્યને સુખી થવાનો માર્ગ છે. માટે બાળકો, તમે,

ચોપાઈ.

મૂળપિતા ઈશ્વરને ભજો,
રમત ગમતમાં મમતજ તજો;
વેદશાસ્ત્રની સમજી મજો,
તત્વબોધના શોધક થજો.

જે આ આખા જગત્‌નો જનક, મૂળપિતા છે તે ઈશ્વરને ભજો, નકામી રમત ગમતમાંથી મમતા તજો, તથા વેદ શાસ્ત્રની ખુબી સમજો અને તત્વ બોધના શોધનારા થજો. એથી તમે સુખી થશો.

આ એક કાર્ય કારણની નાનકડી વાતપરથીજ તમોને ઈશ્વરની સિદ્ધિ સાફ સમજાઈ હશે. એ સિવાય પણ અનેક કારણોથી ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ થાયછે, પરંતુ તે અનાવકાશને લીધે લખ્યું નથી.

આ ઈશ્વરસિદ્ધિ સારી રીતે સમજી જે કુમારો તેનું વારંવાર મનમાં મનન કરશે, તે કદી પણ નાસ્તિક લોકોના ભમાવ્યાથી ભમશે નહિ, એટલુંજ નહિ પણ તે સર્વેશ્વરનું સર્વદા સ્મરણ કરી સુખી થશે.

દોહોરો.

તેની સિદ્ધિ મન ધરો, જે જગનો કરનાર,
તેથી લહે સમૃદ્ધિ ને, બુદ્ધિવૃદ્ધિ કરનાર.

---

૨. ધર્મ

હેતુ ત્રણ પુરૂષાર્થનો, સુખ સાધન સુખ મૂળ;
જન્માંતર ફળ બંધ હર, ઈશ્વર મન અનુકૂળ.

ધર્મ એટલે સર્વને અવશ્ય ધારણ કરવા યોગ્ય રીતિ તથા કૃતિ—ઈશ્વરી આજ્ઞા. તથા તે આજ્ઞાનું આસ્થાપૂર્વક પાલન.

મનુષ્યમાત્રાને માટે જન્મ પામીને પ્રાપ્ત કરવાના આર્યલોકોએ ચાર પુરૂષાર્થો મુખ્ય માનેલા છે. (૧) ધર્મ, (૨) અર્થ, (૩) કામ અને (૪) મોક્ષ. એ ચારમાં ધર્મને સૌથી પહેલો ગણેલો છે, કેમકે તે

વડે બીજા ત્રણે અર્થો સહેલથી સિદ્ધ થાયછે. ધર્મ ન પળાય ને અધર્મ થાય તો તેથી બીજા પુરુષાર્થો મેળવવામાં અધર્મ અતિ હરકત કરતા થઇ પડેછે. એટલુંજ નહિ, પણ ખરૂં કહીએ તો ધર્મ એ બીજા ત્રણે પુરુષાર્થોનો હેતુછે.

અર્થ એટલે પદાર્થોની પ્રાપ્તિ. કંઇ પણ પદાર્થ વિના પ્રયત્ન પ્રાપ્ત થતો નથી. માટે અર્થ સંપાદન કરવા માટે યત્ન એટલે ઉદ્યોગ કરવાની તો જરૂર છેજ. પરંતુ એકલા ઉદ્યોગથી જેટલી મહેનતે જે અર્થ મળે, તેના કરતાં ધર્મસહિત ઉદ્યોગ કરતાં ઘણી થોડી મહેનતે ધારેલી ધારણા પાર પડેછે. જો ધર્મવિના કેવળ ઉદ્યોગજ પદાર્થ પ્રાપ્તિનું સાધન હોય, તો સરખો શ્રમ કરનારને સરખી કમાઇ થવી જોઇએ. પણ તેમ સદા બનતું નથી. એક માણસ સવારથી સાંજ સૂધી શ્રમ કરી બે આના રળેછે અને બીજો તેટલી મહેનત કરીને બાર આના મેળવેછે. માટે સરખો શ્રમ છતાં વધતી ઓછી કમાઈ થવાનાં કારણ ધર્મ અધઅધર્મજ છે. કેટલાક લોક આનું કારણ નસીબ કહેછે. પણ નસીબ એ ધર્મ અધર્મનાં કર્મનું ફળ ભોગવવાની દિક્ષા અને શિક્ષાજ છે. ધર્મ કરનારને ધર્મનું ફળ-સુખ અને અધર્મ કરનારને અધર્મનું ફળ-દુઃખ ઈશ્વર મોડું કે વહેલું આપ્યાવગર રહેતા નથી.

કામ એટલે ઇચ્છા અને ભોગ. મનુષ્ય માત્રને ઇચ્છા હોય છે અને તે સર્વને સુખનીજ હોય છે. દુઃખની ઇચ્છા કોઇપણ કરતું નથી, તથાપિ સર્વને સુખ મળતું નથી અને દુઃખ ભોગવ્યાવિના ચાલતું નથી. આનું કારણ પણ તેઓનો ધર્મ અ-ધર્મજ છે. ધર્મનું ફળ સુખ અને અધર્મનું ફળ દુઃખ હોય છે. માટેજ અધર્મ એ દુઃખનું મૂળ અને ધર્મ એજ સુખનું સાધન તથા સુખનું મૂળ છે.

મોક્ષ એટલે છુટકારો. આ જગતમાં વારંવાર જન્મ લઇ વારંવાર મરવું પડે છે. જન્મ લેતી વખતે માતાના ઉદરમાં નવ દશ માસ સુધી અંધારી કોટડીના કેદી જેવું દુઃખ ભોગવવું પડેછે. એ દુઃખ અજ્ઞાન દશામાં ભોગવેલું હોવાથી તેનું ભાન વ્હેલું ભૂલાઇ જાય છે. પણ મરણ વખતનું દુઃખ કેવું કંટાળા ભરેલું અને સહન ન થઇ શકે એવું હોય છે તે તો કોઇથી અજાણ્યું નહિ હોય. અરે ! મોટા માણસને મરણવેળા થતું દુઃખ તો શું કહેવું, પણ એક ઝીણા જંતુનો પણ જીવ નીકળતી વખતે—તે જે તરફડિયાં ખાઇ શક્તિપ્રમાણે કલ્પાંત કરે છે—તે જોતાં પણ, આપણી આંખમાં આંસુ ભરાઇ આવે છે. આ જન્મમરણનાં દુઃખો ઉપરાંત બીજાં પણ ઘણાં દુઃખો આ જગતમાં પ્રાણીમાત્રને ભોગવવાં પડે છે. માટેજ

ઘણા લોકો આ સંસારને "દુઃખનો દરિયો" કહે છે. એ જન્મ મરણ તેમજ જન્માંતર એટલે બીજાં જન્મોનાં ફળો ભોગવવારૂપી જે બંધ છે, તેને હરીને અખંડ આનંદરૂપ શ્રીહરિની પ્રાપ્તિ એટલે મોક્ષ અપાવનાર સાધન પણ ધર્મ છે.

એ રીતે ત્રણે પુરૂષાર્થ સાર્થક કરવાનું સાધન ધર્મ છે. તેમ બનવાનું કારણ શું હશે? તેનો ઉત્તર પણ ઉપલા દોહરાના ચોથા ચરણમાં જણાવેલો છે. તે એ કે ધર્મ છે તે ઈશ્વરના મનને અનુકૂળ વાત છે. એ સર્વજ્ઞ ઈશ્વરના મનનો વિચાર અલ્પજ્ઞ પ્રાણીથી પોતાની મેળે જાણી શકાય તેમ નથી. માટેજ ન્યાયી ઈશ્વરે તે વિચારને વેદરૂપે વર્ણવી વિશ્વને વિદિત કર્યો છે. એ ઈશ્વરી વેદવાણીથી સ્વધર્મ જાણી, તે પ્રમાણે સદાચરણે ચાલી, સુખી થવું એ મનુષ્યમાત્રનું મુખ્ય કર્તવ્ય છે. તે શાસ્ત્રથી સારી રીતે સમજી સદાચરણે ચાલનારા ધાર્મિક લોકોને "દુઃખનો દરિયો" કહેવાતો સંસાર તે "સુખનો સાગર" થઇ પડે છે.

પાપ.

ધર્મોપદેશકો વારંવાર કહેછે કે પાપ ન કરો. પાપથી દુઃખ મળેછે. પુણ્યથી સુખ થાયછે. પરંતુ, પાપ કોને કહેવું અને પુણ્ય કોને કહેવું

તે કોઇ બરાબર સમજાવતું નથી. જો પાપનું સ્વરૂપ એકવાર બરાબર સમજાયું હોય તોજ તેનાથી માણસ દૂર રહી શકેછે. બાળકોએ તો એનું લક્ષણ નાનપણથીજ જાણીને નિરંતર મનમાં રાખવું જોઇએ. તે લક્ષણ આપ્રમાણે:—

સેવનશાસ્ત્ર નિષિદ્ધનું, ને વિહિતતણો ત્યાગ;
કલ્પિત વિધિથી કર્મ એ, ત્રિવિધ પાપનો ભાગ.

એક તો શાસ્ત્રમાં જે કર્મનો નિષેધ કરેલોછે તેનું સેવન કરવું તે પાપ કહેવાય. જેમકે, મદ્ય (દારૂ) ન પીવો. માંસ ન ખાવું, ચોરી ન કરવી, હીંસા ન કરવી, જૂઠું ન બોલવું વગેરે જે જે ન કરવાને કહ્યુંછે તે કરવું, એનું નામ પાપ. બીજું તેથી ઉલટું, પ્રાણીપર દયા રાખવી, સત્ય બોલવું, વડીલોનું પૂજન, તેમની આજ્ઞાનું પાલન ઇત્યાદિ જે શાસ્ત્રમાં કરવાનું કહ્યું છે, તેનો ત્યાગ કરવો. એ પણ પાપ કહેવાય. તેમજ શાસ્ત્રમાં જે કર્મ, જે વિધિથી કરવાનું કહ્યું છે, તેથી વિરૂદ્ધ મનઃકલ્પિત રીતિએ કરવું, એ પણ પાપ કહેવાય. જેમકે નાહ્યાવિના ભોજન કરવું, ચોરી કરીને માતાપિતાનું પોષણ કરવું, અયોગ્ય સમયે અપાત્રને દાન દેવું વગેરે શાસ્ત્રમાં કહેલા પ્રકારથી ઉલટી રીતે જે કામ કરવું તેપણ પાપજ લેખાયછે. માટે એ ત્રણે પ્રકારના પાતકોથી દૂર રહેવા બાળકોએ હમેશાં પ્રયત્ન કરતા રહેવું.

કથા તથા ભજન અને કીર્તન.

આપણા દેશમાં જે લોકમાન્ય રીવાજો છે, તેમાં કથા અને ભજન કીર્તન જેવો ઉત્તમ રીવાજ બીજો એકે નથી. જુવો, કથા કે ભજન મંડળમાં ગયેથી ગાયન, વકતૃત્વ, બહુશ્રુતપણું સમયસૂચકતા, ચતુરાઇ, સભાધિટપણું, વિદ્વત્તા, કેટલીક વાર સુધી તો પાપબુદ્ધિનો નાશ અને મનરંજન, એટલી અનુપમ વાતોનો ઉપભોગ ઉત્તમ રીતે મળેછે. એટલુંજ નહિ પણ જેવડે ખરેખરૂં જન્મનું સાર્થક થવાનું તેવા પરમેશ્વરની ભક્તિ ભણી અંતઃકરણ વળેછે. એથી વધારે લાભ તે બીજો કયો ?

ખરૂં જોતાં કથાકરવાનું કામ ઘણું કઠણછે. તે એટલામાટે કે, તે સાંભળવાથી જે લાભ થવાનો ઉપર કહ્યો, તે સર્વ લાભ પહેલાં તો કથાકીર્તન કરનારનેજ મળેલો હોવો જોઇએ. એમ હોય તોજ તે તે કામમાં પ્રવીણ થએલો સાંભળનારના અંતઃકરણમાં ભક્તિરસનો પ્રવેશ કરી શકેછે. અને એવું જ્યાં બનેછે ત્યાંજ ખરી કથા કહેવાઈ શકાય.

પરમેશ્વર ભકિત એ કથા કીર્તનનો જીવ છે. તે મજબૂત થયો એટલે બાકીનો ગુણ મેળવવાસારૂ જુદી મહેનત કરવી પડતી નથી. જેમ કે, શરીરમાં શકિત સારી હોય તો પછી, જોર, દંડ, કુસ્તી, મલખમ ઇત્યાદિ શીખવાને વખત

લાગતો નથી અથવા તેના વિના ચાલી પણ શકેછે; તેવુંજ આ છે. કહેછે કે, તુકારામ બાવાની હરીદાશી કથાની વેળાએ ભીમાનદીને કાંઠે હજારો લોકો ચિત્રના જેવા સ્તબ્ધ બેસતા હતા; તેમણે ગાયન ઇત્યાદિ ગુણનો અભ્યાસ મુદલે કર્યો નહતો. તુકારામબાવાની કથા એવી સારી થતી તેનું મુખ્ય કારણ એટલુંજ કે, તે કથા કહેવાને ઉભા થયા એટલે તેમના અંતઃકરણમાં ભક્તિરસ ઊભરાઈ જતો, તે એટલો કે, તેથી હજારો સાંભળનારનાં અંતઃકરણ ભરાઇ જતાં. વળી કોઇપણ રસમાં કમીના રહેતી નહિ. કોઇ વાર હરિશ્ચંદ્રની વિપત્તિનું વર્ણન સાંભળીને શ્રોતાની આંખોમાંથી દડ દડ આંસું વહેતાં તો કોઇવાર ભીમ અને અર્જુનનું પરાક્રમ સાંભળીને શ્રોતાઓને શૂરાતન ચઢતું હતું. વડોદરાવાળા પ્રેમાનંદભટ્ટની કથાને માટે પણ એમજ કહેવાય છે. વળી દયારામ કવિનો શિષ્ય રણછોડ જોશી પણ એમાં સારી નામદારી મેળવી ગયોછે.

સૂક્ષ્મ રીતે વિચાર કરવાથી માલુમ પડેછે કે આપણા દેશનું હિત કરવાના ઉપાયોમાં એના જેવો ઉત્તમ ઉપાય બીજો એકે નથી. બીજી સભામાં ફલાણાએ જવું ને ફલાણાથી ન જવાય એમ બાંધી હોયછે, તેવું કંઇ કથાકીર્તનમાં હોતું નથી. તેમાં તો નાનાં મોટાં સ્ત્રીપુરુષો સર્વેજ

આવેછે. અને જે આવેછે તે પોતાને કંઇ લાભ થશે એવીજ ધારણાથી આવેછે; તેમ કંઇ નહિ ને કંઇ મળેજછે. તેમની વય અને યોગ્યતાપ્રમાણે તેઓને ગમતું તેમના મનમાં તેમની અભિરુચિ પ્રમાણે યુક્તિપ્રયુક્તિથી જે કંઇ પેહું હોય તે ઝટ ગળે ઉતરીને પચી જાયછે. તથા તે સર્વદા સુખ કારક નીવડેછે. એ ઉપરથી એમ કહીએ તો ખોટું નથી કે કથાકીર્તન એ વાવણીનું કામ છે. અમુક જુવાનીઆના અંતઃકરણમાં જે ધાન્યનો પાક સારો આવે તે ધાન્યની વાવણી કરવાનો સારો વખત હરિકથા છે. તેસમો આપણી આગેવાન મંડળીએ સાધી લેવો જોઇએ. એમાં એટલું ખરૂં કે, દેશકાળ વર્તમાનને અનુસરીને કીર્તન પદ્ધતિમાં ફેરફાર થવો જોઇએ. કોઇ કોઇવાર સામાજિક અને રાજ્યકીય બાબતો ઉપર પણ કીર્તન દ્વારાએ દેવમંદિરોમાં બોધ અપાવો જોઇએ.

દરેક ધર્મમાં એવો ઉપદેશ કરવાનો રીવાજછે. ખ્રિસ્તિ દેવલોમાં ભજન અને ઉપદેશ તેમના ઉપદેશકો કરેછે, મુસલમાનોમાં વાયજ કહેવડાવવાનો ધારો છે, અને હિંદુઓમાં પણ એવા કથા કીર્તનના પ્રસંગો છે. પણ દિલગીરી સાથે કહવું પડે છે કે, ગૂજરાતમાં કેળવાયલા વર્ગોમાંથી એ કથાપ્રસંગો ઓછા થતા ચાલ્યા છે. કારીગર વગેરે મધ્યમ વર્ગમાં એ રીત છે; તેમજ સ્વામી

નારાયણ અને જૈન પંથમાં હાલપણ એવો પરંપરાથી ચાલતો રીવાજ છે. પણ ખરો લાભ અમે ઉપર કહ્યો તેવા પ્રસંગોથી થશે. સૂરતમાં બાલાજીને ટેકરે કથા સાંભળનારાઓની ભીડ જોઇનેજ કહી શકીશું કે હજી લોકોને એ ઉપર અભાવ થયો નથી અને અભાવ થવાનું કંઇ કારણ પણ નથી. એથી કેટલા લાભો થાયછે તે તો આપણે ઉપર પ્રથમ કહ્યાજ છે. માટે દેશહિતેચ્છુ પુરુષોએ એ પડી ભાગતા લાભદાયક પ્રસંગનેજ ઉત્તેજન આપી વિશેષ જોરથી ચાલુ કરવા જોઇએ. વળી સરકાર જે હવે નીતિની કેળવણી ઉપર ધ્યાન દેવાનું કહેછે તે કામ પણ એથી ઘણે ભાગે સરે એમ છે.

માત્ર એમાં એક વાત ધ્યાનમાં રાખવાની છે. તે એ કે, એમાં એકલો સ્વાર્થ હોવો ન જોઇએ. એવા કથા કહેનાર વ્યાસ કે વાયજીઓ કેવી રીતે સ્વાર્થ સાધેછે તેનો એક દાખલો એક વાયજમાં સાંભળવામાં આવ્યો હતો. બગદાદમાં એકવાર કાંદાની અછત થઇ ત્યારે કેટલાએક વેપારીઓ નફો મેળવવાની લાલચે બહાર દેશાવરથી કાંદા લાવ્યા, તે જથા બંધ આવી પડવાથી ભાવ બેશી ગયો અને ખોટ જવા લાગી, તેમાંથી એક વેપારી એક વાયજીને મળ્યો તેની સાથે બંદોબસ્ત કીધો કે નફો થાય તેમાં અડધો અડધ ભાગ. તે વેપા-

રી અકકાના કાંદા લાવ્યો હતો માટે કથા કહેતાં પ્રસંગ કહાડી અડાવી દીધું કે, "પ્યાજ ખાવે અકકા તો હજ કબૂલ મકકા" એ ઉપરથી સાંભળનારા અને તેની દેખાદેખી બીજાઓ એ વેપારીના કાંદા લેવાને પડયા ને અશરફીએ એક કાંદો વેચાયો અને કથા કહેનાર તથા વેપારીને મોટો નફો થયો. એવા સ્વાર્થી વ્યાસો ન હોવા જોઇએ

કથાકીર્તનનું મહત્વ આ દેશમાં અસલથીજ મોટું મનાયલું છે. માટે પ્રેમાનંદ કવિએ કહ્યું છે કે,

ચોપાઇ ત્રણ તાલની.

શ્રોતાવકતાને પૂછક જન, કથા ત્રણેને કરે પાવન;
પ્રાણી પામી મનુષ્યદેહ, હરિકથા શું કરવો નેહ;
સ્વલ્પ કરવું ઘરનું કામ, પળ ન મુકો હરિનું નામ;
વેહેવાર માત્ર કરવો વેપાર, રેહેવું હરિકથામાં સાર;
મૂકી નિંદ્ર સેજમાને ગાવું, પ્રભુ કથામાં તત્પર થાવું.

ઇશ્વરની ભકિત કોણે કરવી ?

આ પ્રશ્ન ઘણા માણસોનાં મનમાં ઉત્પન્ન થાય છે. આનો પાધરો ઉત્તર આપવા કરતાં કેટલાએક બીજા પ્રશ્નો કાઢવાની જરૂર પડેછે. કેમકે તે વગર વાંચનાર બાળકોના મનમાં તે બરાબર ઉતરશે નહિ. પાણી પીવું કોણે ? તષ્યાએ. અન્ન ખાવું કોણે ? ભુખ્યાએ. ઓસડ લેવું કોણે ? જેને રોગ

થયો હોય તેણે. તેવીજ રીતે ઈશ્વર ભકિત કરવી કોણે? જેને મરણ આવવાનું છે તેણે. કેમકે, તરસ મટાડવાને જેમ પાણી જોઈએ, ભૂખ શાંત કરવાને જેમ ખોરાક જોઇએ, અને રોગ મટાડવાસારૂ જેમ ઓસડ જોઇએ તેમ મરણ પછીનાં દુઃખો દૂર કરવા તથા મુકિત મેલવવાસારૂ ઇશ્વર ભકિત જોઇએ. એક સંસ્કૃત કવિએ કહ્યું છે કેઃ—"દ્રવ્ય જમીનમાં દાટેલી જગાએજ રહેછે. હાથી, ઘોડા, બળદ અને ગાડીઓ પોતપોતાને ઠેકાણે રહેછે. ધણીઆણી ઘરના આંગણાં સૂધી પહોંચાડેછે. બીજાં સગાં અને મિત્રો સ્મશાનસૂધી આવેછે. ખુદ શરીર ચિતાસૂધી સાથે રહેછે. માત્ર જે કાંઇ ભુંડું ભલું કર્યું હોય તેજ મરનાર પ્રાણીનીસાથે પરલોક જાયછે.!! એ કહેવું શબ્દેશબ્દ ખરૂં છે. અને એ રાજાથી રંકસૂધી તથા નાનાથી મોટાસૂધી સર્વને એકસરખું લાગુ પડેછે. મરણ પછીનાં દુઃખો ટાળવા તથા અક્ષય સુખ શાંતિ મેળવવાસારૂં પરમેશ્વરની ભક્તિવિના બીજો રસ્તો નથી, એવું વેદવગેરે સર્વ ધર્મશાસ્ત્રોએ ઠરાવ્યું છે. વળી એ મરણ પછીની વિપત્તિઓનું નિવારણ કરવાની ગરજ નથી અને એ સુખસાતા ગમતી નથી એવો એક પણ સમજણો માણસ મળવાનો નથી. ત્યારે પ્રભુ ભકિત આણે કરવી અને આણે ન કરવી એવો ભેદ શા ઉપરથી

પાડી શકીએ ? મતલબ કે તે બધાએજ કરવી જોઈએ.

હવે જન્મ્યાવિના બાળપણ આવશે નહિ, બાળપણું આવ્યા વિના જુવાની આવશે નહિ, જુવાની આવ્યા વગર ઘડપણ આવવાનું નથી અને ઘડપણ આવ્યાવિના મોત આવશે નહિ. એ સંકલના જો કંઈપણ અકસ્માત ન આવતાં નિયમસર ચાલતી હોય, તો પરમેશ્વરની ભક્તિ પણ મરણની વખતે કે તેની થોડી વેળા આગમચ એટલે ઘડપણમાં કરી હોત તો ચાલત, પણ એવો નિયમ બરાબર કયાં ચાલેછે ? આ નિયમોમાંના મોત સિવાયના બધા બરાબર ચાલ્યા કરેછે. જન્મ્યા પહેલાં બાળપણ થતું નથી, તેમ ઘડપણ જુવાની પહેલાં આવતું નથી; પણ છેવટ જે મોત ગણ્યું તે ક્યારે આવી બેસશે એનો તલમાત્ર પણ નિયમ કહેવાતો નથી. મરણ તો હરેક વખતે તૈયારજછે. માટે એક મોટા ભકતે કહ્યું છેઃ—

લાવણી.

"બાર ચૌદને પંદર વીશે, પચ્ચિશે કેટલા મરશે;
આગળ જુવા હવે પછી મરશે, કોણ તેની ગણતી કરશે."

એ ઉપરથી જ્યારે પરમેશ્વર ભક્તિ એ મરણની તૈયારીછે, ત્યારે તે નાનાં છોકરાંથી તે મોટાં સુધી સઘળાંએજ કરવી જોઈએ. એટલે પરોણા ક્યારે આવશે તેનો જ્યારે નિયમ નથી ત્યારે

તેના આદરસત્કારની તૈયારી નિરંતર રાખવીજ જોઇએ.

ત્યારે તો ઈશ્વરભક્તિ નાનાં છોકરાંએ પણ કરવી જોઇએ. પણ તેના ઉપર કેટલાક એમ કહેછે કે તે ઘણી કઠણ છે. માટે નાનાં છોકરાં શી રીતે કરી શકે? તેનો અમે જવાબ દઈએ છીએ કે, ઈશ્વર ભક્તિ જેવું સેહેલું કામ બીજું કોઈજ નથી. ઈશ્વરની ભક્તિ કરીને **વસિષ્ઠ, વામદેવ** જેવા મહાજ્ઞાની જેમ સદ્‌ગતી પામ્યા, તેમ ઇશ્વરભક્તિ કરીને પ્રહ્‌લાદ, ધ્રુવ જેવા નાના બાળકો પણ પરમપદ પામ્યા છે. એમાં કહેવાની મતલબ એટલીજ કે, માણસે પોતાનું અંતઃકરણ ઈશ્વરને અર્પણ કર્યું કે, તે પરમેશ્વરનો ભકત થયો. પછી તે માણસ નાનો હો કે મોટો અને તેનું અંતઃકરણ અલ્પજ્ઞાની હોય કે મહાજ્ઞાની હોય. જે જે કંઇ પાસે હોય તે સઘળુંજ ઉદારતાથી સત્પાત્રને આપેછે તે કરણ; પછી તે આપેલી વસ્તુની કીમત ચાર પૈસા હોય કે ચાર કરોડ રૂપિયા હોય. તેનીજ પેઠે ભક્તિના સંબંધમાં અંતઃકરણનું સમજનું.

વળી અમને તો એમ લાગેછે કે, ઈશ્વર ભક્તિ કરવાને સર્વેમાં બાળપણ એજ ઘણું સગવડવાળું છે કેમકે તે વેળાએ મનના વિષયવિકારો પ્રબળ થએલા નથી હોતા અને માથા

ઉપર ઘરસંસારનો ભારપણ નથી હોતો. તેથી મનને જેમ વાળીએ તેમ વળે એવું આ વેળાએજ હોય છે. માટે નાની ઉમરમાંજ છોકરાને ઈશ્વર ભક્તિની અભિરૂચિ કરાવવી, એ તેના ઉત્કૃષ્ટ કલ્યાણનું સાધન છે. માટેજ કહ્યું છે કે:—

"કહે **પ્રીતમ** ચેતી લે પ્રાણી,
શું સૂતો સોડ ઘણી તાણી,
તારે માથે મરણનો ભય જાણી;
હરિ ભજનવિના દુઃખદરિયા-
સંસારનો પાર ન આવે."

ભક્તિ મહિમા.

(પદ.)

ભક્તિથકી વશ થાય,
દયાનિધિ ભક્તિથકી વશ થાય;
ભવભજંનનાં ભક્તિ કર્યાથી,
જન્મ મરણ ભય જાય. દયા૦ ૧
વિદ્યા વૈભવ વિવિધ વચન બળ,
કોઇથકી ન રીઝાય;
ગોવર્દ્ધન પ્રભુ પ્રેમ બંધથી,
દીન બંધુ બંધાય. દયા૦ ૨

પ્રાણી પ્રદર્શન.

ઘોડો.



શેહેરમાં તેમજ જંગલમાં આ પ્રાણી દુનિયાના સર્વ દેશોમાં હોય છે, પરંતુ સર્વ કરતાં અરબસ્તાન દેશના ઘોડા ઘણા વખણાય છે. ઘોડાની ઉંચાઇ ૨॥ થી ૩॥ હાથ સૂધી હોયછે. તેના કાન ઘણા લાંબા કે ઘણા ટુંકા નહિ પણ મધ્યમસરના હોવાથી અને હમેશાં સ્થિર અક્કડ રહેવાથી તેના માથાની શોભામાં વધારો કરે છે તેની ગરદનપર પથરાયલા વાળની સુંદર યાળ હોય છે. ઘોડાની ચામડી કાળી, ધોળી, લાલ, પીળી વગેરે વિવિધ રંગની હોય છે અને કોઇને તો જુદા જુદા અનેક રંગની લીટીઓ હોવાથી કાબર ચિત્રા પણ જણાય છે.

આરબી ઘોડા દેખાવે પ્રૌઢ, સવાર કે હાંકનારને આધીન તથા પાણીદાર હોય છે. આરબ લોકો તેને પોતાના ઘરના માણસ પ્રમાણે

પાળે છે તથા ઘરમાં સાથે રાખે છે. તેને જેવી ચાલ શીખવીએ તેવી તે શીખે છે. ઘોડાની ચાલના ઘણા પ્રકારો છે. ઉપલા ચિત્રમાં પહેલો પગ વાળેલો જણાય છે. તેવી રીતે આગલા બે પગ વળતા રાખી જે ચાલ ચાલે છે, તેને રવાલ ચાલ કહે છે. એને ઉંઘ થોડી હોય છે. સારા ઘોડા જમીનપર સૂતા કે ઘણું આલોટતા નથી. ઊભા ને ઊભાજ ઉંઘ લેછે.


રાની ઘોડા ઝાડી કે પહાડી ભાગમાં ન રહેતાં ખુલ્લા ઢોળાણવાળા મેદાનમાં ટોળે મળી રહે છે. તે ટોળામાં સેંકડો ઘોડાઓ હોય છે. તેનો અગ્રેસર એક ઘોડો હોય છે. તેને સર્વ તાબે રહે છે. ભયની વખતે તે ઘોડો ખોંખારે કે તરત ત્યાંથી સર્વ નાશી જાય છે.

ઘોડા ઘાસ ખાય છે. પાળેલા ઘોડાને ચણા વગેરે દાણા ખવડાવવામાં આવે છે. જ્યાં ઝીણું ઘાસ ઉગ્યું હોય ત્યાં બીજાં જનાવરો ભૂખે મરેછે, પણ ઘોડાને ત્યાં વધારે ખોરાક મળે છે. એના દાંત ઝીણું ઘાસ ઉખેડી ખાવાને યોગ્ય ઈશ્વરે બનાવેલા હોય છે.

ઘોડાના બચ્ચાને ટટુ કહે છે. તે ચાર વરસનું થતા સુધી વધે છે. ઘોડાનું આયુષ્ય ઘણામાં ઘણું ૩૦ વર્ષનું હોય છે. એની ઉમરની પરીક્ષા દાંત ઉપરથી થાય છે.

એ પ્રાણી સવારી કરવા, ગાડીએ જોડવા, બોજો ઉપાડવા વગેરે કામમાં ઘણું ઉપયોગી છે, તે ચપલ અને દોડવામાં જલદ હોય છે. તેને આધીન રાખવામાટે તેના મોંમાં લોખંડની સાંકળ રાખવામાં આવેછે, તેને જેરકડી કહે છે. તેની બેઉબાજુએ બાંધેલી ચામડાની પટીનું નામ લગામ છે. એ લગામ જરા ખેંચતાં કે ચાબક હાથમાં પકડતાં તેજદાર ઘોડા ઘણી ઝડપથી દોડવા માંડે છે. માટેજ વિદ્વાનોએ તેને 'તેજી' એ નામ આપેલું છે, એટલુંજ નહિ, પણ જે ઇનસાન, સાનમાં પોતાનું કામ સમજી લે એવા હોય છે, તેને ઘોડાની ઉપમા આપતાં કહે છે કે "તેજીને ટકોર બસ" છે. સવારીના ઘોડાની પીઠપર જે આસન ગોઠવવામાં આવેછે તેને જીન ખોગીર કે પલાણ કહે છે.

હાથી.




પૃથ્વીપર જેટલાં ચોપગાં પ્રાણીઓ જણાયલાંછે, તે સર્વમાં હાથી એ મોટાંમા મોટું પ્રાણી

છે. જાડા થાંભલાં જેવા મજબૂત તેના પગ હોય છે. સુપડાં સરખા તેના કાન હોય છે. તે બંને કાનને વરંવાર હલાવી પોતાની આસપાસથી જીવજંતુને ઉરાડી મૂકે છે. કેમકે એક મગતરા સરખું જંતુ પણ જો તેના કાનમાં જાય, તો તેથી તેને ગણું દુઃખ થાય છે. તેના મોંઢાનો ભાગ નીચેથી જરા જરા પાતળો થતો નળીની પેઠે જમીન સુધી પહોંચે છે, તેને સૂંઢ કહે છે. એ સૂંઢવડે તે પાણી પીએ છે તથા ખાવાની ચીજો મોંઢામાં મૂકે છે, એટલુંજ નહિં, પણ તેવડે તે હાથથી કરવાનાં સર્વ કામો કરે છે. માટેજ એનું હાથી એટલે હાથવાળો એવું નામ પડ્યું છે. સૂંઢની બેઉ બાજુએ બે મોટા દાંત હોય છે. એ દાંતનો શત્રુને મારવામાં તે ઉપયોગ કરે છે. તેના દાંતનાં ઘણાજ કીમતી રમકડાં, ચુડા, વગેરે બને છે. અનાજ, ઘાસ વગેરે ખોરાક ચાવવાના દાંત તો મોંમાં જુદાજ હોય છે. અને તે ઉપરથીજ કેટલાએક દંભી માણસો, જેઓ બોલે છે તેમ ચાલતા નથી, તેવાઓને માટે, આ તો હાથી જેવો છે, એના 'દેખાડવાના અને ચાવવાના જુદા છે' એવી કહેવત નીકળી છે. શરીરના પ્રમાણમાં તેની આંખો ઘણી નાની હોય છે. એની ચામડી ઘણી ખડબચડી, કાળી તથા ઉપર બારીક નીમાળાવાળી હોય છે. એની ઉમર

૧૨૩ વર્ષ સુધીની લેખાય છે. લડાઇના કામમાં બોજો ઉપાડવામાં તથા શીકાર કરવામાં એનો સારો ઉપયોગ થાય છે. બરમામાં હાથીઓ ઘણાજ હોય છે. માટે ભાર વેહેવાના કામમાં ત્યાં બીજા જાનવરોને બદલે એનોજ ઘણો ઉપયોગ કરે છે. શ્રીમાન લોકો શોભાની ખાતર પણ આ પ્રાણીને પાળે છે. માણસને બેસવા માટે હાથીની પીઠ ઉપર એક ચોરસ પારણા જેવી બેઠક બાંધવામાં આવે છે, તેને અંબાડી કહે છે. હાથીના હાંકનારને માવત તથા તેને હાંકવાના હથીઆરને અંકુશ કહે છે.

સિંહ.



આ જનાવર પશુઓમાં સર્વથી બળવાન અને ભયંકર છે, માટે સિંહને વનરાજ એટલે

જંગલનો રાજા કહેવામાં આવે છે. સિંહ જુદે જુદે ઠેકાણે જુદી જુદી જાતના હોય છે. હિંદુસ્તાનના જંગલમાં એ જનાવર ઘણાં છે, પણ એશીઆ ખંડના બધા દેશોમાં તે નથી હોતાં. આફ્રિકા ખંડના રાનમાં આ પ્રાણી ઘણાંજ હોય છે. જુના ગ્રંથોમાં આ જનાવરના પરાક્રમનું ઘણું વર્ણન મળે છે. એ ઉપરથી એમ અનુમાન કરી શકાય છે, કે હાલના કરતાં પ્રાચીન કાળમાં એ જનાવર પૃથ્વીપર વિશેષ હશે. પરંતુ એના ભયંકરપણાને લીધે તથા પોતાનું શૌર્ય દેખડવવામાટે શિકારીલોકો આ પ્રાણીને વધારે મારે છે. અને તેથી તેની વસતી અને ભય અર્વાચીન કાળમાં ઓછાં થયાં છે.

સિંહનું ડોકું મોટું અને તેના કાન ગોળ હોય છે. એની ગરદન અને માથાપરના વાળ બરછટ, પણ શરીર તથા મોઢાપરના વાળ ટૂંકા અને સુંવાળા હોય છે. એની પૂછડી લાંબી હોય છે તથા તેને છેડે કાળા વાળનો ઝુમખો હોય છે. એ ઝુંમખો તથા ગરદનના વાળ, સિંહ છ સાત વર્ષનો થાય ત્યાં સુધી વધે છે. મોટામાં મોટા સિંહની લંબાઇ આઠ ફુટ અને પૂછડી ચાર ફુટ હોય છે. સિંહ કરતાં સિંહણ નાની હોય છે. તેની ગરદનપર મોટા સિંહની માફક લાંબા વાળ હોતા નથી. ગૂજરાત પ્રાંતનાં સિંહની ગર-

દનપરના વાળ પણ ઘણા લાંબા હોતા નથી. સિંહ રંગે પીળો હોય છે, પરંતુ તેની ચામડીપર જુદી જુદી તરેહના ધાબાં હોય છે.

સિંહ દિવસે ગુફા કે ઝાડીમાં ભરાઇ રહે છે, કેમકે તેની આંખે સૂર્યના પ્રકાશનું તેજ ખમાતું નથી. સૂર્ય આથમ્યા પછી તે પોતાનો ખોરાક ખોળવા નીકળી પડે છે. તે જનાવરોને મારી તેનો ભક્ષ કરે છે. બીલાડી જેમ ઉંદરને મોંમાં પકડી દોડે છે તેમ સિંહ ઘોડા, બળદ, હરણ વગેરેને મોંમાં ધરી સપાટા બંધ દોડી જાય છે. તે બેઠેલા જનાવરપર ઓચિંતી છલંગ મારીને કે તેની પૂઠ પકડીને પંજાથી તેને મારે છે. તેનો પંજો એવો જબ્બર હોય છે, કે તેના એક ઝપાટાથી ઘોડાની કમ્મર કે હાથીની સૂંઢ તોડી નાખે છે. તે માણસની પાછળ લાગે છે ત્યારે મેઘના જેવી ગર્જના કરે છે. તે સાંભળતાં સર્વ જનાવરો થરથર કાંપે છે. તેની સુંઘવાની શક્તિ તીક્ષ્ણ હોતી નથી, તેથી તેનો ભક્ષ નજરે પડતો બંધ થાય કે તરત તે પાછો ફરે છે. ત્રણ ચાર દિવસનો આહાર તે સામટોજ કરે છે અને પાછી ભૂખ લાગતા સુધી ઝાડી કે ગુફામાં સૂઇ રહે છે. એના દાંત ઘણા મજબૂત અને તીવ્ર હોય છે. ગમે તેવા સખત હાડકાનો તે સાકરની પેઠે કડકડાટ ચાવી ચૂરો કરે છે. સિંહણ બેથી


ચાર બચ્ચાંને સાથે જન્મ આપે છે. તે વર્ષમાં એકજવાર વિયાય છે. સિંહ ૩૦ થી ૪૦ વર્ષ સુધી જીવે છે.

સિંહ અને હાથીને આદવેર હોય છે. ગમે તેવા બળવાન્ હાથી સાથે પણ બાલક સિંહ બાથ ભીડે છે. સિંહના શૂરાતનનું કવિયોએ જુદે જુદે પ્રકારે ઘણું રસિક વર્ણન કરેલું છે. પંડિત ગટ્ટુલાલજીએ સિંહણનું મેઘ સામે બોલવું આ પ્રમાણે વર્ણવ્યું છે:

ગીતિ.

અતિ ધીરધ્વની નીરદ[1],
  ન ગાજ આજ મુજ ગર્ભ અર્ભ[2] ઘણો;
ગજગર્જના[3] ગણીને,
  ઉછળે છે છેક એક માસ તણો.

ઉંટ.



ગાય ઢોર વગેરે વાગોળનારાં પ્રાણીના વર્ગમાંનું ઉંટ પણ એક છે. આ જનાવર ઘણું ઊંચું

---


૧ મેઘ. ૨ બાલક. ૩ હાથીની બુમ.

છે. તેથીજ ઘણા ઊંચા માણસને ઉંટ જેવો
છે. એની ગરદન લાંબી અને માથું પ્રમાણ-
ઘણું નાનું હોયછે. તેનો આકાર તરેહવાર
તોપણ તે ઘણુંજ ઉપયોગી પ્રાણી છે. આ-
સ્તાન વગેરે ગરમ અને રેતાળ દેશોમાં એની
ત્તિ વિશેષ હોયછે. આપણા દેશમાં મારવાડ
વગેરે તરફ ઉંટથીજ ઘણું કામ લેવામાં
છે. ઉંટડીનાં દૂધ ઉપર આરબ લોકોનો ઘણો
નિર્વાહ ચાલેછે. એના વાળ વરસમાં એક-
ખરી પડેછે. તે વાળની ધાબળીઓ વણાય
તેનાં ગરમ કપડાં તથા તંબુઓ સારા બનેછે.
આ જનાવરની મુખ્ય ખૂબી એ છે કે પાણી
વગર તે ઘણા દહાડા ચલાવી શકેછે, તેથી
પાણીનું ટીપું ન મળે એવા રેતાળ પ્રદેશ-
મુસાફરી કરવાના કામમાં તે ઘણું ઉપયોગી
પડેછે. એકી વખતે ઘણું પાણી પીને તે
ની હોજરીમાં ભરી રાખેછે. જેથી લાંબી મુ-
દતમાં તે ખોરાકપાણીવિના ચલાવી શકેછે.
તેનો ખોરાક પણ ઘણો મોંઘો પડતો નથી.
વાળાં ઝાડઝાંખરાં પણ તે ઘણી ખુશીથી
છે, માટેજ 'ઉંટ મેલે આકડો અને બકરી
કાંકરો' એવી આપણામાં કહેવત પડીછે.
દાંત તીખા હોયછે તેથી તે કાંટાવાળા ઝા-
પણ પાંદડાં સપોસપ એકી વખતે સારી પેઠે

ચૂટી ખાયછે. લાંબી મુસાફરીમાં જ્યારે તેને ખો રાકપાણી મળી શકતાં નથી, ત્યારે તેની મોટી ખૂંધ ધીમે ધીમે ઓસરતી જાયછે. જે ચરબીની એ ખૂંધ બનેલી હોયછે, તે ચરબીથી તે પોતાનો દેહ ટકાવી શકે છે. વળી તેના પગની બનાવટ પણ પરમેશ્વરે તેવીજ ખૂબીદાર કરીછે. તે ખડબચડા અને વાદળી જેવા હોયછે. તેથી રેતાળ પ્રદેશમાં બીજા પ્રાણીઓ મુસાફરી કરતાં સહજમાં થાકી જાયછે, ત્યારે આ જનાવર જાણે કંઇ હરકત હોયજ નહિ, તેવી સરળતાથી પોતાનો રસ્તો કાપ્યું જાયછે. મોટું ઉંટ એકી વખતે લગભગ બે ખાંડીનો બોજો ઉઠાવી જાયછે. રેતાળ મુલકમાં બારબરદારી કામ માટે ઘણું કરીને ઉંટજ કામ લાગેછે.

પોતાના ધણીના હૂકમને ઉંટ તાબે રહેછે. તેનાપર બોજો લાદવો હોય ત્યારે તેનો હાંકનાર તેને લાકડીનો ઇસારો કે ડચકારો કરેછે, કે તુરત તે ઘુંટણ મરડી બેસી જાયછે. પછી બધો માલ તેના પર લાદે છે; તથા સવારી કરવી હોય તો તેનાપર સવાર થાયછે. આ જનાવર ઘણી સબુરીવાળું હોયછે. તોપણ ગજા ઉપરાંત બોજો તેનાપર લાદવામાં આવે તો તુરત તેના લાદનારને માથું મારીને સમજાવેછે અથવા તો રૂદનનો અવાજ કાઢેછે.

મોર.



સુંદર પીછાવાળાં જે જનાવરો જગતમાં જોવામાં આવેછે, તે સર્વમાં મોર શિરોમણી છે. આ પ્રાણી એશિયા અને આફ્રિકા ખંડમાં હોય છે. તેમાં પણ હિંદુસ્તાન અને જાવા બેટમાં ઘણાં હોય છે. ચાંચની અણીથી પીછાના છેડા સૂધી એની લંબાઇ સુમારે ૪ ફુટ હોય છે. તેના માથાપર એક ૨૪ પીછાંની કલગી હોય છે. તેથી તેની ડોક ઘણી શોભાયમાન દેખાય છે. મોરની ડોક તથા ગળાનો રંગ ગળી જેવો હોય છે, પણ વચમાં સહેજસાજ લીલા તથા પીળા રંગની ઝાંખ મારે છે. મોર જ્યારે આનંદમાં હોય છે ત્યારે કળા કરે છે. તે વખતે જાણે એક મોટા સુંદર પંખો તેની કેડે વળગાડયો હોય તેવો જણાય છે. તેનાં પીછાંની

વચલી દાંડી સફેત હોય છે. પ્રત્યેક પીછાપર આંખના ડોળાની આકૃતિનું ચમત્કારિક રંગનું કુંડાળું હોય છે. તે વડે એ મોરપીછ ઘણું મનોહર લાગે છે. એ ઉપરથી "મોરનાં પીછાંને તે કંઇ ચીતરવાં પડે?" એવી કહેવત પડેલી છે. એ પીછાં વર્ષાઋતુમાં ખરી પડે છે અને વસંતઋતુમાં નવાં આવે છે. તેટલો સમય તે કોઇ ઠેકાણે શરમાઇને સંતાઇ રહે છે. મોર મોટેથી બોલે છે અને એક વાર બોલ્યા પછી તરતજ ફરીથી બોલે છે. એના બોલવાને કેકા કહે છે. ઉનાળાના દિવસોમાં સાંઝે તથા રાત્રે તે ઘણી વાર બોલે છે. એ ખૂબ જોરથી બોલે તો વર્ષાદ જરૂર આવે એમ કેટલાક કહે છે. મેઘ ગર્જના સાંભળવાથી તેને ઘણો આનંદ થાય છે. તેથી તે તરત નાચવા લાગે છે. એ ધીમે ધીમે પગલાં ભરી ડોલતો ચાલે ચાલે છે.